સર્ગ ૧૦

# ક્ષુદ્ર મનનાં રાજ્યો અને દેવતાઓ

પ્રાણની ભૂમિકાનાં સુખમય સ્વર્ગોનેય પાર કરીને ઊંચે જવાનું હોય છે. જ્યાં સુધી પરમોચ્ચની પ્રાપ્તિ ન થાય અને એની અંદર જીવ અને જગત સત્યરૂપ અને એકરૂપ ન બની જાય ત્યાં સુધી આપણી યાત્રાનો અંત આવતો નથી. માર્ગમધ્યે આવેલાં આ સુખધામોની પાર ઉચ્ચોચ્ચમાં આવેલાં લક્ષ્યો બોલાવતાં રહે છે અને એથી આગળના સાહસ માટેનાં એમનાં નિમંત્રણો આવ્યા કરે છે. નીચેની સલામત સીમાઓની સોડમાં ભરાઈ રહેલા જીવ માટે જે પરમાત્મીય પૂર્ણ અનંતતા છે તેની પ્રત્યે આગળ વધતી યાત્રાને એ સ્વર્ગો અધવચ અટકાવી રાખે છે, આરોહતા આત્માને સોનેરી સુખને ખીલે બાંધી દે છે.

પ્રાણના સ્વર્ગીય પ્રદેશોથી ઉપરની દિશે શુભ્ર શાંતિના વાતાવરણમાં મનનાં વિશાળ રાજ્યો આવેલાં છે. દિવસ અને રાત્રિ ત્યાં વિવાહિત થઈ એકરૂપ બની રહે છે. જ્ઞાન અને અજ્ઞાનનું એ મિલનસ્થાન છે. એમને નીચલે છેડે મનનો આરંભ થાય છે. જમીન ઉપરથી આકાશે અને આકાશમાંથી જમીનને એ મન જુએ છે, પરંતુ એને નથી હોતું નીચેનાનું જ્ઞાન કે નથી હોતું ઉપર પાર આવેલાનું. એને કેવળ પોતાની જાતનું તથા બાહ્ય વસ્તુઓનું જ સંવેદન થાય છે. પશુજીવનની અર્ધ-સચેતતામાંથી આ મન દ્વારા આપણે ઊંચે ચડયા છીએ. અજ્ઞાન જીવનનાં રૂપો અહીં રચાય છે; શાશ્વત વસ્તુ માટે નહીં પણ જે તાત્કાલિક છે તેને માટે અહીં પરિશ્રમ સેવાય છે. મંદ પ્રક્રિયાઓવાળું આ પાર્થિવ મન જ્યાં શરીર ઉપર રાજ્ય કરવાનું હોય છે ત્યાં શરીરની સેવામાં પોતે પ્રવૃત્ત રહે છે; ભૂલ કરતી ઇન્દ્રિયોનો એ આશ્રય લે છે; સંદેહ અને તર્કવિતર્કમાં પડેલું એ અર્ધજ્ઞાતમાંથી અજ્ઞાતમાં ઊતરી જાય છે. ક્ષણથી ક્ષણમાં એ જીવે છે ને છાયાને મૂળ સ્વરૂપ માની બેસે છે, રાજા હોવા છતાં પોતે અનુચરોને આધીન રહે છે, મંત્રીઓનાં કાર્યો ઉપર એ કેવળ મતું મારી આપે છે. નિજ ઓજારોનો બંદીવાન ગુલામ બનેલું આ બળવાન મન પોતાને પંકની પેદાશ માને છે અને પોતે જેને બનાવ્યું છે તેને જ પોતાનું કારણ મૂઢ ભાવે માને છે. પરંતુ આપણે નિત્યની જ્યોતિ ને સનાતન જ્ઞાનને માટે સર્જાયેલા છીએ. અધ્યાત્મ અગ્નિના ઓજથી આપણા સ્વભાવને શોધવાનો છે, કીટના સર્પણથી આરંભ કરી આપણે ભવ્ય ઉડ્ડયનોનો મહિમા માણવાનો છે. આપણી અવસ્થા ભવિષ્યના દેવ-બાલકનું પારણું છે. આપણી માનવીય દુર્બલતા અમર શક્તિને ઝુલાવશે.

એ ઝાંખા પ્રદેશોના આગિયા જેવા પ્રકાશથી પરિવ્યાપ્ત મસ્તક ઉપર, ત્યાંના આછા અંધારા સાથે પ્રભાતની ઝલક ગેલ કરતી હતી ને દિવસને વધવામાં ને રાત્રિને લય પામવામાં સહાય કરતી હતી. એ આરંભની જ્યોતિના પ્રદેશમાં અશ્વપતિ આવ્યો. વિચાર અને સંદેહ ઉપર સમાન અવલંબતી દક્ષ બુદ્ધિ ત્યાં અવિરામ કામ કરતી હતી. જડદ્રવ્યના કીચડમાંથી એ જિંદગીની અજાયબીઓ ઉપજાવતી હતી. સૂક્ષ્મ વસ્તુઓને સ્થૂળ જગતને રૂપે પલટાવી દેવા માટે પ્રકાશના ને વિદ્યુતના અણુપુંજો સેવાકાર્ય કરતા હતા. પરિણામે જે અદૃશ્ય હતું તે દૃશ્ય ને અસ્પૃશ્ય હતું તે સ્પર્શગમ્ય બનતું હતું. માધ્યમ બનેલો પ્રકાશ શરીરમાંની શક્તિને, વૃક્ષ આદિની નિદ્રાને ને સ્વપ્નને, પશુની સ્ફુરતી સંવેદનાને ને મનુષ્યમાં જાગતા વિચારને ઉપરની ઝળહળ ભૂમિકા સાથે સંયોજી દે છે, અજ્ઞાનને સજ્ઞાન બનાવવાનાં સાધનો શોધી કાઢે છે ને આંધળા ઓજને એનાં કાર્યોનું કલન કરતાં શીખવાડે છે. પરંતુ હજી બધુંય ચેષ્ટા કરતું અજ્ઞાન હતું, જ્ઞાન વિશ્વને પકડમાં લઈ શકતું નહોતું. આવિષ્કારક બુદ્ધિએ સત્યના ટુકડા કર્યા ને ટુકડા દ્વારા એને ઉપયોગમાં લેવાનું સુગમ બનાવ્યું. યાંત્રિકતાએ દેવતાનું કામ કરવા માંડયું.

ત્યાર પછી છૂપાં શિખરો ઉપરથી એક મોજું ધસમસ ઊતરી આવ્યું, ને એને પરિણામે બંડખોર પ્રકાશની અંધાધૂંધી ઊભી થઈ. એણે ઊંચે જોયું તો આંજી દેતાં શિખરો દેખાયાં, અંદર જોયું ને ત્યાં સૂતેલા દેવને જગાડયો. કલ્પનાએ ગુપ્ત અદ્‌ભુતોના પ્રદેશમાં સાહસ કર્યું; પ્રેરણાનો સહયોગ સાધી એણે વિચારનાં વ્યોમોને નિહારિકાઓથી ભરી દીધાં. તમિસ્રા પ્રજ્ઞાના નિગૂઢ સૂર્યની ધાત્રી બની, પુરાણ-કથાએ જ્ઞાનને જ્યોતિર્મય ધાવણે ધવડાવ્યું. એકથી બીજે સ્તને બાળક ધાવતું બની ગયું. બુદ્ધિના સૂકા પરાળને ને હકીકતોના ઘાસચારાને બદલે રસસભર કલ્પનાની વાતોએ પોષણ આપ્યું. આમ આરંભની જ્યોતિના જગતમાં સ્વર્ગીય વિચારોનો સ્રોત પ્રવેશ્યો. જાતને ને જગતને જાણવા માટેનું ને સૌન્દર્યને સંવેદવા માટેનું કાર્ય એનાં પ્રભાતોએ શરૂ કર્યું. સુવર્ણ શિશુએ વિચારવાનું ને વિલોકવાનું આરંભ્યું.

એ ઉજ્જવળ પ્રદેશોમાં મનનાં પ્રથમ પગલાં આગળ ભરાય છે. પોતે અજ્ઞાન હોઈ સર્વ કંઈ જાણી લેવા એ આતુર હોય છે. મહત્તર વસ્તુઓને શોધી કાઢવાની આશા રાખી એ આસપાસના આકારો તરફ બાચકા ભરે છે. વિશ્વ એનું બાલોદ્યાન બને છે, પ્રાણ અને મન એ જબરજસ્ત બાળકનાં રમકડાં છે. મહાસમર્થ શક્તિએ એક નાનું શું ધારદાર હથિયાર પસંદ કર્યું છે. અજ્ઞાનને પઢાવવાનું મુશ્કેલ કામ એને સોંપાયું છે. વળી એને જે શિખવાડવાનું છે તે પ્રથમ તો એણે પોતે શીખી લેવાનું હોય છે. પણ જ્ઞાન કંઈ બહારથી આવતું નથી. એ તો અંદર ગુહામાં સૂતેલું છે, ને જીવનના ઝગમગાટો નીચેથી એને ધીરે ધીરે જગાડી બહાર આણવાનું છે.

આવા આ મને ગાઢ ધુમ્મસોમાં થઈ પોતાની અંદર દૃષ્ટિ કરી ને જોયું તો ત્યાં

પ્રભુ નહોતો. વિશ્વના અજ્ઞાનમાં જ્ઞાન આવે તે માટે દેવને છૂપો રખાયેલો છે; ક્ષણજીવી સત્યોને જીવવાનો અવકાશ મળે તે માટે પરમસત્યને નકારાયું છે. પૃથ્વી માત્ર મંદ પ્રગતિને જ નિભાવી શકે છે. પ્રાણનાં ને પિંડનાં કામચલાઉ ઓજારોનો એને ઉપયોગ કરવો પડે છે. જ્ઞાનની કરચોને રેણીરેણીને એને આખું બનાવવાનું હોય છે. આ મન સત્યને સેવામાં રાખે છે. નિસર્ગની એકતાને એ દેશનિકાલ કરે છે. પોતાના અજ્ઞાનના ગજથી એ સર્વને માપવા જાય છે. મનની એ મહત્તર શક્તિ મર્યાદાઓમાં રહી કાર્ય કરે છે ને એમાં પોતાનું પ્રભુત્વ પ્રકટાવે છે. કાળી કિનારી પર આવેલી એની દૃષ્ટિમાં દેવદૂતની દૃષ્ટિ રહેલી છે ને એ દૃષ્ટિ પોતાના ક્ષેત્રમાં સ્ખલિત થતી નથી. રાત્રિમાંથી પ્રકાશે લઈ જતો માર્ગ એ કાપી કાઢે છે અને અપ્રાપ્ત જ્ઞાનની ખોજ કરે છે.

મનની એક વામણી ત્રિદેહી ત્રિપુટી પાસે પ્રકૃતિ ગુલામીનું કામ કરાવે છે. એ ત્રણમાંની પ્રથમ નાનામાં નાની હોવા છતાં બાંધે મજબૂત છે. નહિ જેવું કપાળ ને ચોખ્ખું ભારે જડબું એનું ઓળખાણ આપે છે. આ મન વિચારનું ઠિંગુજી છે. હકીકત અને આકાર એના હથોડાનું ઘડતર છે. પ્રકૃતિના નક્કર પાયા ઉપર એના પાય ઠરેલા છે. એ છે પ્રશંસાપાત્ર શિલ્પકાર, પરંતુ વિચારની બાબતમાં એ અણઘડ છે. જીવનને એ ઘરેડોમાં ગોંધી રાખે છે, અરે! પોતે જ પોતાનાં બનાવેલાં બીબાંમાં બંદી બની જાય છે. જગતની ટેવોને એ કુદરતના કાયદા કહે છે. મનની ટેવોને એ સત્યનું નામ આપે છે. ફેરફારોને એ પાપ માને છે. નવી શોધમાં એનો વિશ્વાસ બેસતો નથી. પગલે પગલે સાવધાન રહી એ આગળ જાય છે. એણે લીધું છે અજ્ઞાનના ખજાનચીનું કામ. ઉચ્ચ અને વિશાળથી એ સંકોચાય છે. રૂઢિનાં ચક્કરોમાં એ ચાલ્યા કરે છે. ઇન્દ્રિયગમ્ય જગતને સાચવી રાખવા માટે એ ચોકીદાર કૂતરાની જગા લે છે. ને આમ હોવા છતાંય એની પાછળ એક મહાબળ રહેલું છે. વિશ્વની વિશાળ યોજના, આકાશના તારાઓની કક્ષાઓ, લાખો જીવજાતિઓ એક મૂક નિયમને અનુસરે છે. પ્રકૃતિશક્તિ કાર્ય કરે છે, એની મુદ્રા સ્થાયી છે, એનું વિરાટ નૃત્ય શિવના નિશ્ચલ વક્ષઃસ્થલ ઉપર અખંડ ચાલ્યા કરે છે.

ત્યાર પછી આવે છે ત્રણમાંની બીજી, જોશ અને જોમથી ભરેલી ખૂંધાળી બુદ્ધિશક્તિ, અવિનીત ને રાતા રાસભે અસવાર. એ છે અવિચારી. વિશ્વને વીંટળાયેલી ગૂઢ જ્વાલામાંથી એનો જન્મ થયો છે. એની અંદરથી અભિલાષાનું જ્વાલામય દર્શન જાગે છે. એ લે છે લાખો આકારો ને ધારે છે અસંખ્યાત નામ. જ્વાલાછલંગે એ ઊપડે છે આકાશમાં ને ત્યાંથી પડીને નરકમાં ગરક થઈ જાય છે. સત્યને નીચેના કીચડમાં ઘસડી લાવવા માટે એ ઉપર ચઢે છે. એની ઉજ્જ્વલ શક્તિ મેલા ઇરાદાઓ માટે વપરાય છે. આ શક્તિથી સજ્જ મન બહુરંગ ધારતા કાચીડાના જેવું છે. વિષયસુખનાં જંતુઓને ઝાલવા એ જીભ લપકાવે છે. કાળા વાદળાની પૂંછડીવાળો એ જ્વાલામય સર્પ છે. ધૂમ-જિહ્‌વાથી એ જ્ઞાનનું અવલેહન

કરે છે. પણ જાણે અજાણે જે સર્વમય કંઈક છે તેની દિશામાં એ આગળ ધપે છે. શોધવા માટે એ ઉત્સાહી છે, પણ ધારણ કરી રાખવા અસમર્થ છે. ભૂલ કરવી એ એનો સ્વભાવ છે. વિવેકબુદ્ધિથી કે અંતરાત્માની દૃષ્ટિથી નહિ પણ એની પોતાની આશાભિલાષાઓથી એ દોરાય છે. કૂદીને સ્વર્ગે પહોંચવા માટે એ ઊંડી ખાઈ ઉપરની ઊભી ભેખડ પસંદ કરે છે. આત્માના ગહન માર્ગોનો એને પરિચય નથી. વિજય નહિ પણ પ્રયત્ન એને આકર્ષે છે. શાંત વિચારની પકડમાં જે આવતું નથી તે એના આવેશના આલિંગનમાં આવી જાય છે. ખાલીખમમાં ખોજ કરી ત્યાંથી એ ખજાનો કાઢે છે. વિદ્યુતનું ત્રિશૂલ નાખી અજ્ઞાતને એ એમાં પરોવી દે છે. અજ્ઞાન એનું ક્ષેત્ર છે અને અજ્ઞાત એના વિજયનો મહાલાભ.

ત્રણેમાં મોટામાં મોટી છે ત્રીજી શકિત ને તે છે તર્કબુદ્ધિ. ચિંતનશીલ મુખે ને ઝીણી નજરે જોતી આંખે દૃઢ આસન વાળીને એ બેઠી છે. જોવા માટે લેન્સ, માપવા માટે ગજ, ને ઊંડી તપાસણી માટે ઘાલવાની સળી એનાં શસ્ત્ર છે. ગોચર જગતને એ જુએ છે ને એમાં જીવનારાં ને મરનારાંનું નિરીક્ષણ કરે છે. દિશા અને કાળ, પૃથ્વી અને આકાશના તારા હાથમાં લઈ એ બધી વિચિત્ર વસ્તુઓનું વિલોકન કરતી રહે છે. ગૂઢ જગતને એ નિયમબદ્ધ બનાવવા માગે છે. એ કશું જાણતી તો નથી તો પણ બધું જાણી લેવાની આશા રાખે છે. અંધારામાં રહેલા અનહદ ઉપર એ પોતાનું કિરણ નાખે છે ને ઇન્દ્રિયની, વિચારની ને શબ્દની મદદ લઈ કુદરતની કાર્યપદ્ધતિ, એની દ્રવ્યસામગ્રી અને કારણ શોધી કાઢવાની ચેષ્ટા કરે છે. સમસ્યા અને અજ્ઞાત પ્રત્યે એ અધીર બની જાય છે. બેનિયમ ને નિરાળું એ નિભાવી શકતી નથી. બધાયને નિયમબદ્ધ બનાવી દેવાનો એ જબરો આગ્રહ રાખે છે. જગતને અજ્ઞાનમાંથી ઉગારી લેવા માટે તો એ આવી છે. વિશાળ સત્યને સાંકડી જગામાં સંકોચાઈ જવાની એ ફરજ પાડે છે. એનાં નિશ્ચિત ને નિરપેક્ષ વિજ્ઞાનશાસ્ત્રો રેલના પાટાઓનું કામ કરે છે, ને તેમની ઉપર જગતના જાદૂગરની ગાડીઓ દોડે છે. ઇન્દ્રિયોના સકંજામાંથી છૂટયા છતાં એ મનની મર્યાદાઓ વટાવી શકી નથી. એના વિચારોની વણજાર લક્ષ્ય વિના ચાલ્યા કરે છે. પગ માંડી ઊભા રહેવા માટે એને એકે સ્થિર શિખર મળ્યું નથી. એક દૃષ્ટિમાં એ અનંતને સમાવી શકતી નથી. સંદેહ એને સતાવતો રહે છે. એનાં કિરણો કેવળ દીપકનું કામ કરે છે. રાત્રિનો અંધકાર એના દીવાઓથી ટળતો નથી, એનું જ્ઞાન કોટિક મસ્તકવાળું છે, પણ પ્રત્યેક મસ્તકે પાઘડી બનેલી હોય છે શંકા.

તર્કબુદ્ધિનો પરિશ્રમ કોઈ નિર્ણય પર આવતો નથી. વાગ્-યુદ્ધ એને વહાલું છે. એનો ધંધો છે વકીલાતનો. એ જેને સાચું ઠરાવવું હોય તેને સાચું ઠરાવવા દલીલબાજી ખેલે છે. એના પાકામાં પાકા નિર્ણયોય ખાતરીબંધ નથી હોતા. હકીકતોને ગાડે જોડાયેલા બળદિયાની માફક જડદ્રવ્યની ધૂળમાં થઈ એ ઉપયોગિતાના બજારમાં ગાંસડીઓ પહોંચાડે છે. સત્યના કુશકા રાખી લઈ સત્યને એ ઉશેટી

દે છે. જડદ્રવ્યને જ એ એકમાત્ર સત્ય તરીકે સ્વીકારે છે. આત્માની ને પરમાત્માની એને આવશ્યકતા હોતી નથી. જમાનાઓનું જ્ઞાન એને મન અમસ્તકું બની જાય છે. એ માત્ર યાંત્રિક કુદરતની કૂંચીઓની શોધમાં રહે છે, કેમ કે જડદ્રવ્ય જ એનું સર્વ કંઈ બની ગયેલું હોય છે. આવા આ વૈજ્ઞાનિક વિચારે જડ દ્રવ્યની અજ્ઞાન-સમાધિમાં સૂતેલા અચેત જીનોને સાધ્યા છે ને સેવામાં જોતરી દીધા છે.

પણ રૂપોનું નિર્માણ કરનારી જે એક અરૂપ શકિત છે તેનો એને ભેટો થઈ ગયો ને એની જૂની ઇમારતો તૂટી પડી. વણશોધાયેલા સત્યમાંથી એક વીજ ઝબૂકી અને એણે સદ્-વસ્તુ ને વિજ્ઞાત વચ્ચે મોટો અખાત ઊભો કરી દીધો. તર્કબુદ્ધિને હવે સમજાયું કે પોતાનું બધું જ્ઞાન અજ્ઞાન હતું. ફરી પાછું જગત જાદૂની જાળ બની ગયું. અવર્ણ્યમાં અતકર્ય ચમત્કારનું મૂળ વિલીન થઈ ગયું. ઊભું કરવામાં આવેલું જગત હવે રહ્યું નહીં. રહ્યું માત્ર પદાર્થમાત્રાઓનું નૃત્ય અને ઓજ:શકિતની અફાટ ફેરફૂદડીમાં યદૃચ્છાનો ફેલાવો. કાલીના નૃત્યના જગતમાં બધું જ ચકરાઈને જતું હતું.

હવે એને અણુઓનું વિરલ વિરાટ વિશ્વ દેખાયું ને એમાં ઊભા રહેવા માટે એને નક્કર જમીન મળી. પ્રસ્ફોટ પામેલા પરમાણુમાં એક અપાર શકિતમાન બળ હતું. પ્રલય અને સર્જન, ઉભય સાધવાનું એનામાં સામર્થ્ય હતું. એની સહાયથી મનુષ્યને પૃથ્વી પર મોટું પ્રભુત્વ પ્રાપ્ત થઈ શકે એવી સંભાવના હતી. એ મૂળ શકિત ઉપર સ્વામિત્વ સ્થાપી કાળના માર્ગો પર એ પોતાનો મહારથ રમતો મૂકવાને સમર્થ હતો. આ સિદ્ધ થતાં વિચારશકિતથી સજ્જ માનવજાતિ સારા સંસારને પોતાની સેવામાં સંયોજી શકત. આદર્શ રાજ્ય, આદર્શ નિયમ, એક આદર્શ ધોરણ અસ્તિત્વમાં આવત અને અન્ય સર્વ વસ્તુઓ સાથે સમાજવ્યવસ્થા પણ એકધારી બની જાત. આ અવસ્થા સૃષ્ટિ વિકાસક્રમનું સર્વોચ્ચ શિખર બની જાત, જો આત્મા સૂઈ રહ્યો હોત તો, જો જીવને બળવો ન કર્યો હોત તો, જો અંતરતર અંતર્યામીને બીજી મહત્તર યોજના ન મળી હોત તો. પરંતુ વિશ્વાત્મા સહસ્રશીર્ષા છે. એનો એક અમોઘ સ્પર્શ નિર્માણના આખા મોખરાને પલટાવી ને ઉલટાવી શકે છે. જગતની ગતિમાં ઓચિંતાનો એક વળાંક આવી જાય છે, જવાનો માર્ગ દેખાય છે, એક મહત્તર માનસ મહત્તર સત્યનાં દર્શન કરે છે. તો વળી જ્યારે બધું જ નિષ્ફળ નીવડયું હોય છે ત્યારે આપણામાં જ રહેલી પૂર્ણ રૂપાંતરની ચાવી આપણને મળી આવે છે. માટીમાં દફનાયેલી પાર્થિવ ચેતના ઊર્ધ્વે આરોહીને સનાતન સૂર્યની સાથે સંલગ્ન થઈ જાય છે. આપણું મર્ત્ય જીવન પરમાત્માની પાંખો પર સવાર થઈ જાય છે ને આપણા અંતવંત વિચારો અનંત સાથે અનુસંધાનમાં આવી જાય છે.

ઊગતા સૂર્યનાં રાજ્યોમાં સર્વ કંઈ જ્યોતિની એક શકિતમાં જન્મરૂપ બની જાય છે. અહીં જે વિરૂપ છે તે ત્યાં પોતાના મંગળમય માહાત્મ્યમાં મહાલતું હોય છે. અહીં જે સંમિશ્ર અને સદોષ છે તે ત્યાં પવિત્ર ને પૂર્ણ છે. મધ્યસ્થ બુદ્ધિ

પોતાનાં કાર્યોને વિલોકતી બેઠી છે. એને અપાયેલા જ્ઞાનને આધીન રહી એ એનું કામ કર્યા કરે છે. પણ એનું ઊંડું હૃદય આદર્શ વસ્તુઓની ઝંખનાથી ભરેલું છે. એનાં અત્યારનાં કાર્યોની પારના મહત્તર સત્યની પ્રત્યે એ સજાગ છે. પોતે મર્યાદિત ક્ષેત્રમાં પ્રવૃત્ત રહેતી હોવા છતાં એ જાણે છે કે એનાં સમર્થમાં સમર્થ કાર્યો માત્ર એક સંચારમાર્ગ છે, એક અવસ્થા છે. તર્કબુદ્ધિએ સૃષ્ટિનું સર્જન કર્યું નથી અને તર્કબુદ્ધિથી સત્યનાં દર્શન થઈ શકતાં નથી.

ક્ષુદ્ર મન ક્ષુદ્ર વસ્તુઓમાં પુરાઈ રહેલું હોય છે. કાળા અજ્ઞાનના જગતમાં એ માત્ર અર્ધ-જાગ્રત છે. અજ્ઞાનની રાત્રિમાં એ ફાંફાં મારતું ને ફંફોસતું રહે છે. મહાસુખ માટે એનામાં આવેલી અભિલાષા બાળકની માફક રડે છે. અને આપણી તર્કબુદ્ધિ માત્ર રમકડાં બનાવી જાણે છે, ઠોકરાતી રમતના નિયમો ઘડી કાઢે છે, અજ્ઞાનમાંથી અજ્ઞાનમાં મુસાફરી કરનારના વચગાળાના અહેવાલો માત્ર આપે છે. કેમ કે જ્યાં સુધી કશુંય છુપાયેલું રહે છે ત્યાં સુધી કશુંય જાણવામાં આવ્યું નથી. અખિલ અવલોકાય ત્યારે જ સત્યનું જ્ઞાન થયું કહેવાય.

એકસ્વરૂપ એવા એક સર્વમયથી આ બુદ્ધિ આકર્ષાય છે. મતો ને પંથો ને સંપ્રદાયોની પાછળ છૂપા રહેલા પરમેશ્વરના મુખની એને ઝાંખી થાય છે. એ જાણે છે કે એને પોતાને માત્ર બહારના વાઘા જ મળ્યા છે. હૃદયમાં એનાં દર્શન કરવાની એ આશા કરે છે. કોઈ કોઈ વાર એને બે તગતગતી આંખો દેખાય છે ખરી, પણ અવગુંઠનને એ અળગું કરી શકતી નથી. એના નાનકડા હાથ માટે સત્ય બેશુમાર મોટું હોવાથી એ એના ટુકડા કરે છે. અનંતતાનાં અનંત વદનો માત્ર એ વિલોકે છે.

પણ એક દિવસ ઓઝલમાં રહેલું મુખ પ્રકાશી ઊઠશે. અજ્ઞાનના કોષમાં પરમ જ્ઞાન છે. આપણાં સ્ખલનો માર્ગના નવા જ્ઞાનનો સંપર્ક સાધે છે. સૂર્ય પ્રત્યે જતા ધૂસર માર્ગ પર વિચાર અજ્ઞાનને સાથમાં લઈ નાચે છે. કોઈ કોઈ વાર પ્રકાશક પાવકજ્વાળા ઝબૂકી ઊઠે છે. અત્યારેય ભવ્ય ભવ્ય વિચારો એક્લવાયા વિચરી રહ્યા છે. એમનામાં અમોઘ શબ્દની શક્તિ છે. પ્રભુની દૃષ્ટિનો એમને પરવાનો મળેલો છે. સુદૂરના સત્યની તેઓ ઘોષણા કરે છે. અનંતતાઓમાંથી એક અગ્નિ આવશે. વિભુનું વિશાળતર વિજ્ઞાન વિશ્વની ઉપર દૃષ્ટિપાત કરશે ને આત્માના તેમ જ વસ્તુજાતના ઊંડા હૃદયને અજવાળશે. મનને માટે એ કાળ પારનું જ્ઞાન પ્રકટાવશે, જીવનને એ એનું લક્ષ્ય આપશે, અને અજ્ઞાનને માટે એ એનું અવસાન આણશે.

મનની આ વામણી ત્રિપુટીથી ઉપરના સમશીતોષ્ણ વાતાવરણમાં પારપારની અસીમતાની અભીપ્સા રાખનારા બે દેવતાઓ છે. જે કંઈ અસ્તિત્વમાં આવેલું છે તેના એ દિવાકર-દૃષ્ટિથી સાક્ષી બનીને રહેલા છે.

મંદ જગતને ઉદ્ધારવાની શક્તિએ સજ્જ પ્રાણમય વિચાર જબરજસ્ત પાંખોએ

ઊર્ધ્વે આરોહેલો છે. જમીન પર ચાલવાને એ ટેવાયેલો નથી, આસમાની અનંતતાનો જ એને અભ્યાસ છે. સૂર્યપ્રકાશિત આકાશમાં ને તારકતેજી હવામાં એ સરકે છે. અપ્રાપ્ય અમરાત્માનું ધામ એણે જોયું છે ને દેવોના સ્વરો એણે સાંભળ્યા છે. કાળના કિલ્લાઓને એ જમીનદોસ્ત કરે છે, સૈકાઓને અજવાળતા વિચારોના પ્રદીપ પ્રકટાવે છે, અતિમાનુષ શક્તિનાં કાર્યોને સંચાલિત કરે છે. એની પાંખો એને લઈ જાય ત્યાં સુધી જઈ એ ભવિષ્ય ઉપર છાપા મારે છે, ને જેનાં સ્વપ્નાં સેવાય છે તે નિર્માણનાં ક્ષેત્રોને ઢૂંઢે છે. મર્ત્ય અવકાશ જેમને માટે નાનો પડે છે તે પારની વિશાળતાઓના નકશા ને દર્શનયોજનાઓને એ તૈયાર કરે છે.

બીજો દેવતા છે શુદ્ધ વિચારમય મન. એ છે પારની વિશાળતામાં આવેલું, જ્યાં પગ માંડવાનું સ્થાન નથી ત્યાં. એનું અવલોકન વિશ્વકાર્યને વિષય બનાવે છે. પાર પહોંચતા શુભ્ર પ્રદેશનો એ ફિરસ્તો છે. એકાંત શિખરો ઉપરથી એ જગતને જુએ છે. દૂર સુદૂરની ખાલી હવામાં એ ત્યાં અવસ્થિત રહે છે.